# <u>આંક–૧ તથા આંક–૨૪ લગત સંયુકત હુકમ</u>

આ કામના અરજદારો દ્ધારા સ્પે.દી.કેસ નંબર ૧૮૧/૧૯૯૯ ના કામે થયેલ હુકમ મુજબ સામાવાળા દ્ધારા જમા થયેલ વળતરની રકમ મેળવવા સદરહુ દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

દરખાસ્તના કામે અરજદાર તથા સામાવાળા વિ.વ.શ્રીને સાંભળ્યા. સદરહુ સ્પે.દી.કેસ નંબર ૧૮૧/૧૯૯૯ના હુકમ સામે આ કામના સામાવાળા દ્ધારા નામ.ગુજરાત હાઇકોર્ટમાં અપીલ ફાઇલ કરેલી જે અપીલ નામ.ગુજરાત હાઇકોર્ટ દ્ધારા નામંજુર કરવામાં આવતા, મુળ કોર્ટનો વળતરનો હુકમ આખરી થયેલ છે. વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ સામે કોઇ અપીલ દાખલ કરેલ હોવાનુ સામાવાળા/પ્રતિવાદી દ્ધારા જાહેર કરેલ નથી.

હાલની દરખાસ્તના કામે આ કામના અરજદાર દ્ધારા આંક–૨૪થી વળતરની રકમ ઉપાડવા અંગેની અરજી કરવામાં આવેલ છે. સદર અરજીના સમર્થનમાં અરજદાર નં.૨ થી ૫ નાઓએ આંક–૨૬ થી આંક–૩૪ના સોગંદનામા રજુ કરી, તમામ વળતરની રકમ અરજદાર નં.૧ શોભનાબેન ત્રિભોવનભાઈને ચુકવી આપવા પોતાની સંમતિ જાહેર કરેલ છે.

આ કામે નાઝરશ્રીનો શેરો વંચાણે લીધો. રેગ્યુલર દિવાની દરખાસ્ત નં.૭૩/૨૦૧૮ના કામે જમા થયેલ મુળ રકમ તથા બેંક વ્યાજ સહિતની કુલ રકમ રૂા.૧૨,૫૧,૭૬૬/– (અંકે રૂપિયા બાર લાખ એકાવન હજાર સાતસો છાસઠ પુરા) જમા હોવાનું જણાય છે.

ઉપરોકત હકિકતોને ધ્યાને લેતા નાઝરશ્રીને હુકમ કરવાામાં આવે છે કે, આ કામે જમા થયેલ મુળ રકમ તથા બેંક વ્યાજ સહિતની કુલ રકમ રૂા.૧૨,૫૧,૭૬૬/– (અંકે રૂપિયા બાર લાખ એકાવન હજાર સાતસો છાસઠ પુરા)નો એકાઉન્ટ પેઈ ચેક અરજદાર નં.૧ શોભનાબેન ત્રિભોવનભાઈના નામનો નિયમ મુજબ ખરાઇ કરી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ સાથે રેગ્યુલર દિવાની દરખાસ્ત નં.૭૩/૨૦૧૮ ફેંસલ કરવામાં આવે છે.

તા. ૦૭/૦૪/૨૦૨૬
સ્થળ:–બોટાદ

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
બોટાદ